અનુસંધાન... પાના પહેલાનું

કેપિટલ ગેઇન્સ...

અને 1 ફેબ્રુઆરીએ બજેટમાં આ અંગેનો નિર્ણય જાહેર કરાશે. ઉદ્યોગ સંગઠનોએ વિદેશી રોકાણ આકર્ષવા માટે લોંગ ટર્મ કેપિટલ ગેઇન્સ ટેક્સ (એલટીસીજી) નાબૂદ કરવા, શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન્સ (એસટીસીડી) અને સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ (એસટીટી)ના દરો તર્કસંગત બનાવવા તથા લોંગ ટર્મ રોકાણનો સમયગાળો 12 મહિનાથી વધારી 18-24 મહિના કરવા ભલામણ કરી છે. હાલમાં 1.25 લાખ રૂપિયાથી વધુના એલટીસીજી પર 12.5 ટકા અને 12 મહિનામાં વેચાણ પર એસટીસીજી પર 20 ટકા ટેક્સ લાગે છે. વિદેશી રોકાણકારો (એફપી) માટે અલગ ટેક્સ વ્યવસ્થા અને યુએસ ડોલરમાં નફાની ગણતરી કરવા જેવા સૂચનો પણ મળ્યા છે. અગ્રવાલે ચાલુ નાણાકીય વર્ષ 2026-27 માટે 26.97 લાખ કરોડ રૂપિયાના ડાયરેક્ટ ટેક્સ કલેક્શનનો લક્ષ્યાંક હાંસલ કરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો, જે ગત વર્ષના 23.40 લાખ કરોડ રૂપિયા કરતાં 15 ટકા વધુ છે. તેમણે ઉમેર્યું કે સીબીડીટીની પહેલ હેઠળ છેલ્લા બે વર્ષમાં 1 કરોડથી વધુ કરદાતાઓએ અપડેટેડ રિટર્ન ફાઇલ કર્યા છે. આ ઉપરાંત, નાના કરદાતાઓની વિદેશી સંપત્તિ જાહેર કરવાની યોજના (FAST-DS, 2026) હેઠળ પણ નોંધપાત્ર જાહેરાતો થવાની અપેક્ષા છે અને આ અંગે ટૂંક સમયમાં નવા એફએક્યુ બહાર પાડવામાં આવશે.

આંધ્રપ્રદેશ પર ત્રણ...

(આઇએમડી) અનુસાર, છેલ્લા 6 કલાકમાં 8 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-પશ્ચિમ દિશામાં આગળ વધેલી આ સિસ્ટમ 17 નવેમ્બર સુધીમાં ગંભીર અને 19 નવેમ્બરની આસપાસ આંધ્રપ્રદેશના દરિયાકાંઠા નજીક અત્યંત ગંભીર ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થશે. આંધ્રપ્રદેશ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના મેનેજિંગ ડિરેક્ટર પ્રખર જૈને દરિયાકાંઠાના વિસ્તારોમાં તોફાની પવન સાથે ભારે વરસાદની ચેતવણી આપી છે, તેમજ ખેડૂતો અને નાગરિકોને સાવચેતી રાખવા જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ 'અર્ણબ' અને 'મુરસુ' વાવાઝોડાને કારણે આંધ્રપ્રદેશમાં લાખો એકર પાક નાશ પામ્યો હતો અને અંદાજે 7,000 કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું, જેના માટે રાજ્યએ કેન્દ્ર પાસે મદદ માગી છે. બીજી તરફ, તમિલનાડુના ચેન્નઈ, તિરુવલ્લુર અને ચેંગલપટ્ટુ જિલ્લામાં 17 નવેમ્બરથી 40-50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન અને ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી છે. ત્યારબાદ 18 નવેમ્બરથી કાંચીપુરમ, રાનીપેટ, તિરુવન્નામલાઈ, વિલ્લુપુરમ, કુડ્ડલોર, મયિલાદુથુરાઈ અને પુડુચેરીમાં પણ ભારે વરસાદ પડી શકે છે. છેલ્લા 24 કલાકમાં તુતીકોરિનમાં સૌથી વધુ 20 મિમી અને નાગરકોઇલ તથા કન્યાકુમારીમાં 10 મિમી વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે બંને રાજ્યોના માછીમારોને 16થી 21 નવેમ્બર સુધી દરિયો ન ખેડવાની કડક સૂચના આપી છે.

અમેરિકામાં વિદેશોથી...

નોંધણીમાં થયેલા ઘટાડાની અસર આંશિક રીતે સરભર થઈ ગઈ હતી. પરંતુ મહિનાઓની અટકળો બાદ, ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી(DHS) એ પ્રસ્તાવ મૂક્યો છે કે 'ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ'પ્રોગ્રામમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થી દીઠ શૈક્ષણિક સંસ્થાઓએ ૭૦,૦૦૦ અમેરિકી ડોલરની ફી ચૂકવવી પડશે. સર્વેક્ષણ મુજબ, આ નિયમ હજુ સુધી અંતિમ સ્વરૂપ પામ્યો ન હોવા છતાં, ટૂંકમાં OPT તરીકે ઓળખાતા આ પ્રોગ્રામમાં ભાગ લેનારાઓની સંખ્યામાં આ પાનખર સત્રમાં ૬ ટકાનો ઘટાડો થયો છે. આ પ્રસ્તાવિત નિયમ, જેને કાનૂની પડકારોનો સામનો કરવો પડે તેવી શક્યતા છે, તે DHS ના વ્યાપક પ્રયાસોનો એક ભાગ છે. આ પ્રયાસોમાં હજારો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો કાયદેસરનો દરજ્જો સમાપ્ત થવાની સાથે તેમાંના ઘણાની અટકાયત કરવા અને હકાલપટ્ટી કરવાનો સમાવેશ થાય છે.

ક્રરોડોના ખર્ચ...

પસાર થતી વખતે પાણીની ગુણવત્તા બગડશે, તો સંબંધિત સત્તાધીશોને જવાબદાર ઠેરવી દંડ ફટકારવામાં આવશે અને તેની ફોર્મ્યુલા સીપીસીબી નક્કી કરશે. ઉપરાંત, માછલીઓના મોત કે સફેદ ફીણ જેવી ઘટનાઓ અંગે વિગતવાર અહેવાલ રજૂ કરવા સીપીસીબીને સૂચના અપાઈ છે. આ મામલે આગામી સુનાવણી 13 જાન્યુઆરીએ રાખવામાં આવી છે.

વાયુ પ્રદૂષણ...

24 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની રાજધાનીઓમાં સૌથી વધુ પ્રદૂષિત શહેર બન્યું છે. આંકડા દર્શાવે છે કે દિલ્હીમાં PM2.5નું સ્તર 201 દિવસ માટે 24-કલાકના રાષ્ટ્રીય ધોરણ (60 માઇક્રોગ્રામ) કરતાં વધુ રહ્યું હતું. દિલ્હીનું વાર્ષિક સરેરાશ સ્તર રાષ્ટ્રીય ધોરણ (40 માઇક્રોગ્રામ) કરતાં 2.3 ગણું અને વિશ્વ આરોગ્ય સંસ્થા (હૂ) ની માર્ગદર્શિકા કરતાં 18.7 ગણું વધારે હતું. દિવાળીની રાત્રે દિલ્હીમાં પ્રતિ ઘન મીટર 584 માઇક્રોગ્રામ સુધીનું પીક હોર્લી સ્તર નોંધાયું હતું. 24 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની રાજધાનીઓમાં અભ્યાસ દરમિયાન જાણવા મળ્યું કે 10 શહેરોમાં વાર્ષિક સરેરાશ PM2.5 સ્તર રાષ્ટ્રીય ધોરણથી ઉપર હતું. જયપુર 54 માઇક્રોગ્રામ સાથે બીજા ક્રમે રહ્યું, ત્યારબાદ લખનૌ (52), કોલકાતા (48), પટના (47) અને ભુવનેશ્વરનો (46) સમાવેશ થાય છે. રિપોર્ટમાં જણાવાયું છે કે વાર્ષિક પ્રદૂષણમાં દિવાળીના દિવસોનો હિસ્સો માત્ર 1.2થી 2.5 ટકા જેટલો જ હોય છે, જ્યારે બાકીનું 97થી 99 ટકા પ્રદૂષણ વાહનો, ધૂળ, ઉદ્યોગો, કચરો સળગાવવા અને પરિવહન જેવા કાયમી સ્ત્રોતોથી ફેલાય છે. એન્વાયરોકેટાલિસ્ટ્સના સુનીલ દહિયાએ ભલામણ કરી છે કે રાજધાનીઓએ માત્ર તહેવારો દરમિયાન નહીં, પરંતુ આખું વર્ષ સ્વચ્છ હવા માટે નક્કર પગલાં લેવા જોઈએ.

મોંઘવારીનો માર:...

હતું કે બેઝ ઇફેક્ટ અને પ્રાથમિક વસ્તુઓ તથા બળતણ અને વીજળી જૂથોમાં વ્યાપક વધારાને કારણે ઓક્ટોબર ૨૦૨૬માં WPI મોંઘવારી નવી શ્રેણીમાં સૌથી વધુ રહી હતી. તેમણે ઉમેર્યું કે જો નવેમ્બરના બાકીના દિવસોમાં ચલણ મજબૂત રહે અને ફૂડ ઓઈલના ભાવમાં નરમાઈ જળવાઈ રહે, તો આ મહિના દરમિયાન જથ્થાબંધ મોંઘવારી ઘટીને આશરે ૧૧.૫ ટકા સુધી આવી શકે છે. સરકારે ૧૫ જૂને ૨૦૨૨-૨૩ ના નવા બેઝ વર્ષ સાથે સંશોધિત WPI શ્રેણી જાહેર કરી હતી.

દિલ્હીમાં નવેમ્બરનો...

11 નવેમ્બરે પણ આટલું જ લઘુતમ તાપમાન નોંધાયું હતું. શહેરના મુખ્ય હવામાન મથક સફદરજંગ ખાતે સૌથી વધુ 27.5 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું, ત્યારબાદ લોધી રોડ પર 27.2 ડિગ્રી, આયાનગરમાં 27 ડિગ્રી, રિજ ખાતે 26.4 ડિગ્રી અને પાલમમાં 25.6 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

અમેરિકા જતાં...

વિદ્યાર્થીઓનો સૌથી મોટો સ્ત્રોત બની રહ્યું છે. આ ઘટાડા પાછળ મુખ્ય કારણ અનુસ્નાતક પ્રવેશમાં થયેલો તીવ્ર ઘટાડો હતો, જે ૩૪ ટકા ઘટીને ૧,૧૬,૬૦૯ પર આવી ગયો છે. સ્નાતક(અંડરગ્રેજ્યુએટ) પ્રવેશમાં એક ટકાનો ઘટાડો થઈને તે ૩૯,૭૧૧ થયો છે. જો કે, ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ(OPT)માં ભાગ લેનારા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ૨૭ ટકા વધીને ૧,૮૨,૨૦૧ થઈ છે.ચીને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના બીજા સૌથી મોટા સ્ત્રોત તરીકે પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે, જો કે તેની સંખ્યામાં ચાર ટકાનો ઘટાડો થઈને તે ૨,૫૪,૪૫૮ થઈ ગઈ છે.

કુલગામમાં CRPF...

બે શંકાસ્પદ યુવકો લારૂ બાયપાસ પાસે ફરી રહ્યા છે. આ માહિતીના આધારે સેના અને પોલીસની સંયુક્ત ટીમે વિસ્તારની ઘેરાબંધી કરી હતી. ઘેરાબંધી જોઈને બંને શંકાસ્પદો સફરજનના બગીચા પાસે આવેલી બે શાળાઓ તરફ ભાગ્યા હતા, જ્યાં બાળકો હાજર હતા. સુરક્ષાદળોએ કોઈપણ જાનહાની ટાળવા માટે અંદાજે 90 મિનિટની જહેમત બાદ બંને શાળાઓમાંથી બાળકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. ત્યારબાદ થયેલી સામસામેની અથડામણમાં ઉમર ડાર નામના ત્રાસવાદીને ઠાર કરવામાં આવ્યો હતો.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૬
ઓછામાં ઓછા ૧૨ શબ્દો +(GST)
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૬૬૬૬૧ ફેક્સ : ૨૫૬૬૬૬૦

વ્યવસાયીક બંધાણીય
CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (3568)

LCD તથા ટીવી નવી
તથા જુની લે- વેચ તથા અરજન્ટ રીપેરીંગ કરવા માટે મળો- 9016408862 શોએબભાઈ રીંગરોડ ભાઠેના (12503)

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184 (12512)

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196 (10612)

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત (201)

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (3569)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ
ૐ શિવ ટ્રાવેલ્સ
17 18 નવેમ્બર (ઉદેપુર જયપુર ખાટુશ્યામ શ્રીનાથજી માઉન્ટઆબુ) (ગોકૂળ મથુરા વૃંન્દાવન) (સફેદરણ કચ્છ માતાનો મઠ માંડવી કોટેશ્વર અંજાર) (દ્વારકા સોમનાથ દીવ વિરપુર) (જોધપુર જેસલમેર જુનારણુજા માઉન્ટઆબુ) (ધૃષ્ણેશ્વર ભીમાશંકર ત્રંબકેશ્વર) 20 નવેમ્બર (મહાબળેશ્વર પંચગીની લોનાવાલા) (નાસિક શીર્ડી સપ્તશ્રુંગી) ખરવરશેરી ભાગળ સુરત 9537838949, 9327199997 (12969)

WANTED નોકરી વિષયક
કોમ્પ્યુટર પ્રોસેસ &
માર્કેટિંગ સેલ્સ માટે અનુભવી છોકરાઓ જોઈએ 15,000 થી 25,000 85116-12226 ઉધના. (13038)

દુકાન ના કામ માટે
માણશ ની જરૂર છે. નેવટીવાલા ટાવર પાસે પોલીસ ચોકીની બાજુમાં સુરત (12964)

માપ લેવા માટે માસ્ટર
જોઈએ છે સુટ, શર્ટ, પેન્ટ, શેરવાની, કુર્તા પાયજામા માટે જેન્ટસ માસ્ટર જોઈએ છે. ઈરફાન ટેક્ષટાઈલ (મોતીવાલા) શોરૂમ સંપર્ક- 9825139287 સમય- સવારે 11 થી રાત્રે- 10 (12963)

જોઈએ છે
ટર્નર ફીટર, ડ્રીલમેન, હેલ્પર સચીન એરિયા માટે ફોન: 9925144406 (12937)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.

Repco Home Finance
રેપકો હોમ ફાઇનાન્સ લિમિટેડ
સુરત શાખા: પી. નં. 668 બી અને સી, વામા હાઉસ, 1લો માળ, રીવા હાઉસની બાજુમાં, ઉધના દરવાજા, રિંગ રોડ, સુરત - 395 002

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી નીચે સહી કરનાર, સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ રેપકો હોમ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી હોવાના નાતે અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 9 સાથે વંચાતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને તારીખ 31.01.2026ના રોજ એક ડિમાન્ડ નોટિસ જારી કરી હતી. જેમાં દેવાદાર: શ્રી ગૌરવ ખાનજીભાઈ ચૌધરી, જે શ્રી કાનજીભાઈ રવજીભાઈ ચૌધરીના પુત્ર, રહેવાસી: પ્લોટ નં. 4, શુકન રો હાઉસ, મુળદ ગામ, ઓલપાડ તાલુકા, સુરત-394 110, તેમજ અન્ય સરનામું: વીએચએન ડાયમંડ્સ 1લો માળ, 101 એબી, આદિત્ય ચેમ્બર્સ, કિન્ના ડાયમંડ પાર્ક, વરાછા રોડ, કપોદ્રા, સુરત-395 006, તેમજ અન્ય સરનામું: પ્લોટ નં. 129, શુકન રો હાઉસ, મુળદ ગામ, ઓલપાડ તાલુકા, સુરત-394 110, સહ-દેવાદારો: 1. શ્રીમતી હંસાબેન કાનજીભાઈ ચૌધરી, જે શ્રી કાનજીભાઈ રવજીભાઈ ચૌધરીના પત્ની, 2. શ્રી કાનજીભાઈ રવજીભાઈ ચૌધરી, જે શ્રી રવજીભાઈ ચૌધરીના પુત્ર, બંનેનું રહેઠાણ: પ્લોટ નં. 4, શુકન રો હાઉસ, મુળદ ગામ, ઓલપાડ તાલુકા, સુરત-394 110, તેમજ અન્ય સરનામું: પ્લોટ નં. 129, શુકન રો હાઉસ, મુળદ ગામ, ઓલપાડ તાલુકા, સુરત-394 110, જામીનદાર: શ્રી દિલીપભાઈ જેરામભાઈ શિશાંગીયા, જે શ્રી જેરામભાઈ શિશાંગીયાના પુત્ર, રહેવાસી: પ્લોટ નં. 118, શુકન રો હાઉસ, મુળદ ગામ, ઓલપાડ તાલુકા, સુરત-394 110, તેમજ અન્ય સરનામું: શ્રી રામ રેસીડન્સ 1 થી 5, માનસી ઇન્ડસ્ટ્રીઝ, પીપોદરા, સુરત-394 110ને ઉક્ત નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર લોન એકાઉન્ટ નં. 2011870000613 હેઠળ બાકી નીકળતી રકમ 9,18,852/- તથા તેના પર તારીખ 28.01.2026થી લાગતું આગળનું વ્યાજ અને અન્ય ખર્ચ ચૂકવી દેવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદાર, સહ-દેવાદાર અને જામીનદાર આ રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી દેવાદાર, સહ-દેવાદાર, જામીનદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે ઉક્ત કાયદાની કલમ 13(4) અને ઉક્ત નિયમોના નિયમ 9 હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને આજ રોજ તારીખ 11 નવેમ્બર 2026ના રોજ નીચે વર્ણવેલ મિલકતનો કબજો લઈ લીધો છે.

આથી દેવાદાર, સહ-દેવાદાર, જામીનદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે, તેઓ આ મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન કરે અને આ મિલકત અંગેનો કોઈ પણ વ્યવહાર લોન એકાઉન્ટ નં. 2011870000613 હેઠળ 10,19,338/-ની રકમ તથા તેના પર તારીખ 11.11.2026થી લાગતા આગળના વ્યાજ અને અન્ય ખર્ચ માટે રેપકો હોમ ફાઇનાન્સ લિમિટેડ, સુરત શાખાના ચાર્જને આધીન રહેશે.

અમે આપનું ધ્યાન સિક્યુરિટાઇઝેશન એક્ટની કલમ 13 (8) તરફ દોરીએ છીએ, જે મુજબ જો સુરક્ષિત લેણદારની બાકી નીકળતી રકમ તથા સુરક્ષિત લેણદાર દ્વારા કરવામાં આવેલ તમામ ખર્ચ, ચાર્જ અને ખર્ચાઓ સુરક્ષિત મિલકતના વેચાણ અથવા ટ્રાન્સફર માટે નિયત કરાયેલ તારીખ પહેલાં કોઈપણ સમયે તમારા દ્વારા ચૂકવી દેવામાં આવે તો સુરક્ષિત મિલકતના ટ્રાન્સફર અથવા વેચાણ માટે આગળ કોઈ પગલાં લેવામાં આવશે નહીં.

મિલકતનું વર્ણન

મુળદ ગામ, સબ-ડિસ્ટ્રિક્ટ તાલુકા ઓલપાડ, જિલ્લો સુરતના બ્લોક નં. 148 (રેવન્યુ સર્વે નં. 356/1A, 356/1B અને 356/1C), જેનું ક્ષેત્રફળ 13050.00 ચો.મીટર છે, તેના પર આવેલ "શુકન રો હાઉસ"ના પ્લોટ નં. 129 વાળી તમામ મિલકત અને જમીન, જેનું ક્ષેત્રફળ આશરે 48.22 ચો.મીટર છે તથા રોડ અને સીઓપીમાં વણવહેંચાયેલ પ્રમાણસર હિસ્સો જેનું ક્ષેત્રફળ 30.57 ચો.મીટર છે. આ મિલકત મેસર્સ રામદેવ બિલ્ડર્સના એકમાત્ર માલિક શ્રી હિતેશભાઈ માધવજીભાઈ સંઘાણીના નામે થાલે છે અને તેની ચતુર્દિશા નીચે મુજબ છે: ઉત્તરે: પ્લોટ નં. 128 દક્ષિણે: પ્લોટ નં. 130 પૂર્વે: પ્લોટ નં. 122 પશ્ચિમે: સોસાયટીનો આંતરિક રોડ

તારીખ: 11.11.2026 અધિકૃત અધિકારી, રેપકો હોમ ફાઇનાન્સ લિમિટેડ

પંજાબ નેશનલ બેંક punjab national bank ...the name you can BANK upon!

સર્કલ ઓફિસ સુરત : તુલસી કૃપા આર્કેડ (ચોથો માળ) આઈ માતા ચોક, સુરત, બારડોલી રોડ, સુરત - ૩૬૫૦૧૦ ફોન : ૦૨૬૧-૨૭૦૧૦૨૦ ૨૧/૨૨ email : cosuratsamd@pnb.bank.in

સ્થાયી મિલકતની ઈ-હરાજીથી વેચાણ અંગેની જાહેર નોટીસ

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના નિયમ ૮(૬) સાથે વાંચતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ સ્થાયી મિલકત માટેની ઈ-હરાજીની વેચાણ નોટીસ.

આથી અહીં જાહેર જનતા અને ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(નો) કે જે સિકયોર્ડ ક્રેડીટર્સને હાઈપોથીકેટેડ/ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો પંજાબ નેશનલ બેંક, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે પંજાબ નેશનલ બેંક, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા નીચે દર્શાવેલ દેવાદાર(રો), ગીરવેદાર(રો) અને નીચે દર્શાવેલ જામીનદારોના બાકી રકમ માટે ઈ-હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે.

ઈ-હરાજી તા.૦૩.૧૨.૨૦૨૬ (સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી) । નિરીક્ષણ તા.૨૫.૧૧.૨૦૨૬ સુધી કામકાજના દિવસોમાં (સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી) ઈ-હરાજીના સમય સુધીમાં ઈએમડી જમા કરાવવી જોઈએ

નં.	શાખાનું નામ / ખાતાનું નામ / દેવાદાર/ જામીનદારોનું નામ અને સરનામું	સુરક્ષિત કરેલ મિલકતની વિગત / ગીરવે મુકેલ સ્થાયી મિલકતની વિગત અને માલિકનું નામ (મિલકતના ગીરવેદારો)	અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસની તારીખ બ) સરફેસી એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ નોટીસ તારીખના રોજ ની બાકી રકમ + વધારાનું વ્યાજ અને ચાર્જીસ ક) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૪) હેઠળ લીધેલ કબજાની તારીખ ડ) કબજાનો પ્રકાર સાંકેતિક/પ્રત્યક્ષ/રચનાત્મક	અ) અનામત કિંમત બ) ઈએમડી ક) બોલી વધારાની રકમ (રૂા.લાખમાં)	સુરક્ષિત લેણદારની જાણમાં હોય તેવા અન્ય બાકીની વિગત Property ID :
૧	**પીએનબી : હજીરા (૧૩૩૬૧૦)** **શ્રી પટેલ બાબુભાઈ છગનભાઈ (દેવાદાર)** અને **શ્રીમતી પટેલ મંજુલાબેન બાબુભાઈ (સહ દેવાદાર)** **સરનામું :** ૩૧૩, ખેડા ફળીયુ, ઉચવન ગામ દાહોદ, દેવગઢબારીયા દાહોદ સીટી દાહોદ, ગુજરાત રાજય – ૩૮૯૩૮૦ (દેવાદાર) **અને :** ૪૨૯ પટેલ ફળીયુ ગ્રામ પંચાયત નજીક, હજીરા રોડ, કવાસ ગામ કવાસ, સુરત – ૩૯૪૫૧૦	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે શિવંતા હોમ્સ–૧ નો પ્લોટ નં. ૮૦, મંજુર થયેલ પ્લાનનુ માપ ૪૦.૧૮ ચો.મીટર, એટલે કે માપ ૪૮.૦૦ ચો.વાર, સી.એ.પી. અને રોડ ના વણવહેચાયેલ હિસ્સા સહિત, જમીન રે.સ.નં. ૪૧૯, ૪૨૦ ૪૨૩, ૪૨૪, બ્લોક નં. ૪૫૦, ગામ : ઉમરાખ, તા: બારડોલી, જી. સુરત આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** પ્લોટ નં.૯૩, **પશ્ચિમ તરફ :** સોસાયટી રોડ, **ઉત્તર તરફ :** પ્લોટ નં.૭૯, **દક્ષિણ તરફ :** પ્લોટ નં.૮૧ આવેલ છે. **ગીરવેદાર નું નામ: શ્રી પટેલ બાબુભાઈ છગનભાઈ અને શ્રીમતી પટેલ મંજુલાબેન બાબુભાઈ**	અ) ૩૦.૦૧.૨૦૨૫ બ) રૂા. ૯,૦૪,૫૩૮.૯૩ + વધારાનું વ્યાજ + તેના પરના ખર્ચાઓ ક) ૦૧.૦૯.૨૦૨૫ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂા.૦૬.૯૬ બ) રૂા.૦.૬૯૬ ક) રૂા.૦.૧૦	જાણમાં નથી PUNB 133610 PATE01
૨	**પીએનબીઃ વલસાડ (૧૩૯૦૧૦)** **શ્રીમતી સંગીતા પ્રકાશચંદ મિશ્રા (દેવાદાર)** સરનામું : પ્લોટ નં. ૧૩/એ/૪, આશ્રય હોમ્સ, ઈશાનપાર્ક, કલ્પેશ ટ્રેકટર નજીક, ઘરમપુર ચાર રસ્તા, તા. અને જી. વલસાડ–૩૯૬૦૦૧. અને દેવદર્શન સોસાયટી, મોગરાવાડી, તા. અને જી. વલસાડ–૩૯૬૦૦૧ **શ્રીમતી બબીતાબેન કપીલદેવ પાંડે (જામીનદાર)** સરનામું : સહયોગ નગર, મોગરાવાડી, મુ.ગામ.સાંઢપોર, (પારડી) જી. વલસાડ–૩૯૬૦૦૧	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત માધવ કોમ્પલેક્ષ–બી માં ઉજા માળે આવેલ રહેણાંકનો ફલેટ નં.૩૦૨ જેનું માપ ૬૨૦ ચો.ફુટ (૫૭.૬૨ ચો.મી.) જેનું બાંધકામ એન.એ. થયેલ જમીન નં.એક–૧, એક–૨, રે.સ.નં.૧૪૦/૧/૧ મુ. પારડી સાંઢપોર, તા. અને જી.વલસાડ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** ઓ.ટી.એસ, **પશ્ચિમ તરફ :** ફલેટ નં. ૩૦૩, **ઉત્તર તરફ :** ફલેટ નં. ૩૦૧, **દક્ષિણ તરફ :** ઓ.ટી.એસ આવેલ છે. **ગીરવેદારનુ નામ :– શ્રી મનોજકુમાર રામદયાલ પટેલ**	અ) ૧૭.૧૦.૨૦૨૨ બ) રૂા.૬,૭૭,૧૬૬.૦૦ + વધારાનું વ્યાજ + ચાર્જીસ ક) ૨૨.૧૨.૨૦૨૪ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂા.૦૩.૬૨ બ) રૂા.૦.૩૬૨ ક) રૂા.૦.૦૫	જાણમાં નથી PUNB 139010 MANO01
૩	**પીએનબી: વલસાડ (૧૩૯૦૧૦)** **શ્રી મનોજકુમાર રામદયાલ પટેલ (દેવાદાર) અને શ્રી ગુલજારીલાલ નીખીલલાલ ગુપ્તા (જામીનદાર) (દેવાદાર) સરનામુ:** રૂમ નં. ૭, માનીક ચોક, પેટલ ચેમ્બર્સ સામે, કૈલાશ રોડ, વલસાડ, જી. વલસાડ –૩૯૬૦૦૧ **(જામીનદાર) સરનામુ:–** ૩–૪૨, કૈલાશ રોડ, ભાઠા ફળિયા, મોગરાવાડી, વલસાડ, જી. વલસાડ–૩૯૬૦૦૧	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત માધવ કોમ્પલેક્ષ–બી માં આવેલ રહેણાંકનો ફલેટ નં.૩૦૨ જેનું માપ ૬૨૦ ચો.ફુટ (૫૭.૬૨ ચો.મી.) જેનું બાંધકામ એન.એ. થયેલ જમીન નં.એક–૧, એક–૨, રે.સ.નં.૧૪૦/૧/૧, મુ. પારડી સાંઢપોર, તા. અને જી.વલસાડ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** ફલેટ નં. ૩૦૩, **પશ્ચિમ તરફ :** ઓ.ટી.એસ, **ઉત્તર તરફ :** ફલેટ નં. ૩૦૧, **દક્ષિણ તરફ :** ઓ.ટી.એસ આવેલ છે. **ગીરવેદારનુ નામ :– શ્રી મનોજકુમાર રામદયાલ પટેલ**	અ) ૧૭.૧૦.૨૦૨૨ બ) રૂા.૬,૭૭,૧૬૬.૦૦ + વધારાનું વ્યાજ + ચાર્જીસ ક) ૨૨.૧૨.૨૦૨૪ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂા.૦૩.૬૨ બ) રૂા.૦.૩૬૨ ક) રૂા.૦.૦૫	જાણમાં નથી PUNB 139010 MANO01
૪	**પીએનબી : અડાજણ, સુરત (૧૬૩૭૧૦)** **ગણેશભાઈ ખુસલભાઈ પટેલ (દેવાદાર) અને અશોકભાઈ દુર્લભભાઈ પરમાર (જામીનદાર)** સરનામું(દેવાદાર) : પ્લોટ નં.૧૮૩, શીર્ડીધામ રો હાઉસ, ગંગાધર હાઈસ્કુલ પાછળ, અને પોલીસ ચોકી, હરીધ્યાન સ્મુતી ભવન સામે (કારેલી), તા. પલસાણા, જી.સુરત–૩૯૪૩૧૫ અને : ૧૨૭ તકલી ફળીયુ, એલ.એચ.રોડ, ગોડાદરા, સુરત–૩૯૫૦૧૦ સરનામું : (જામીનદાર) : ૧૨૮, સપ્તશ્રુંગી ફળીયુ સોયાલી ગામ, તા.પલસાણા, જી.સુરત–૩૯૪૩૧૦	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે **શીર્ડીધામ રો હાઉસ, નો પ્લોટ નં.૧૮૩,** માપ ૭૨.૦૦ ચો.વાર એટલે ૬૦.૨૦ ચો.મીટર,(કેજેપી પછી બ્લોક નં. ૧૫૫/બી/૧૮૩ માપ ૬૦.૨૮ ચો.મી) જે રે. સ. ન